પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

વર્ષ : ૨૬ ● અંક : ૨૭૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૫-૦૭-૨૦૨૩ શનિવાર ● કિંમત રૂ.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar www.panchmahalsamachar.com


## ચંદ્રયાન-૩ સફળતાપૂર્વક લોન્ચ થયું



## ચંદ્રયાન ધરતીથી ચંદ્ર સુધી ૩,૮૪,૪૦૦ કિમીનું અંતર કાપી ૪૧ દિવસ બાદ ચંદ્ર પર પહોંચશે

શ્રીહરિકોટા,

આજે ૧૪ જુલાઈ, ૨૦૨૩ના દિવસે ભારતનું મહત્વકાંક્ષી સ્પેસ મિશન ચંદ્રયાન ૩ સફળતા પૂર્વક લોન્ચ થયું છે. આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેશ સેન્ટરમાંથી આ ચંદ્રયાન બપોરે ૨.૩૦ કલાકે લોન્ચ થયું છે. આ ચંદ્રયાન ધરતીથી ચંદ્ર સુધી ૩,૮૪,૪૦૦ કિમીનું અંતર કાપશે. જે દોઢ મહિના એટલે કે ૪૧ દિવસ બાદ ચંદ્ર પર પહોંચશે. ઈસરોના ૨૯ ડેપ્યુટી ડાયરેક્ટર અને ૫૫ પ્રોજેક્ટ મેનેજરની વર્ષોની મહેનત બાદ ચંદ્રયાન ૩એ સફળતાપૂર્વક ઉડાન ભરી છે.જો આ ચંદ્રયાન-૩ ચંદ્રની સપાટી પર સફળ રીતે લેન્ડ કરશે, તો એ ભારત માટે મોટી ઉપલબ્ધિ હશે. ચંદ્રયાન-૩ લેન્ડરનો મુખ્ય ઉદ્દેશ ચંદ્ર પર જઈને તેમાંથી રોવર નીકળી ચંદ્રની આસપાસ ચક્કર લગાવવાનો છે. જેથી ચંદ્રની સપાટીનું નિરીક્ષણ કરી શકાય.ચંદ્રયાન જો દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિં કરશે તો ભારત ચંદ્રના આ ભાગ પર પહોંચનાર પહેલો દેશ બનશે. ચંદ્ર પર રાષ્ટ્રધ્વજ ફરકાવનાર ભારત ચોથો દેશ બનશે.ચંદ્રયાન-૩માં લેન્ડરનું નામ વિક્રમ રાખવામાં આવ્યું છે. આ નામ ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા વિક્રમ સારાભાઈના નામ પરથી આપવામાં આવ્યું છે. રોવરને 'પ્રજ્ઞાન' નામ આપવામાં આવ્યું છે. જેને સંસ્કૃતમાં શાણપણ કહેવામાં આવે છે. ચંદ્રયાન-૨ સમયે પણ લેન્ડર-રોવરના આ જ નામ હતા.૧૬ મિનિટ પછી ચંદ્રયાનને રોકેટ દ્વારા ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યું. ઈસરો ચીફ એસ. સોમનાથે આ સફળ લોન્ચિંગ બાદ કહ્યું હતું કે ચંદ્રયાન-૩એ ચંદ્ર તરફ એની યાત્રા શરૂ કરી દીધી છે. ચંદ્રયાન-૩ના લોન્ચિંગ પહેલાં પીએમ મોદીએ મિશનની શુભેચ્છા પાઠવી હતી. ભારતના અવકાશક્ષેત્રમાં ૧૪ જુલાઈ ૨૦૨૩ની તારીખ હંમેશાં સુવર્ણ અક્ષરોમાં અંકિત રહેશે. અમારું ત્રીજું ચંદ્ર મિશન ચંદ્રયાન-૩ એની યાત્રાએ રવાના થશે. આ મિશન આપણા રાષ્ટ્રની આશાઓ અને સપનાંને આગળ વધારશે. ચંદ્રયાન-૩ મિશન માટે શુભેચ્છાઓ!

જો કે ચંદ્રયાન-૩ના લોન્ચ પહેલા આ મિશન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને દેશ અને ચંદ્રયાન-૩ની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે.

એક ટ્વિટમાં પીએમ મોદીએ લખ્યું કે ૧૪ જુલાઈ ૨૦૨૩ની તારીખ ભારતીય ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં અંકિત રહેશે. આ મિશન દેશની આશાઓ અને સપનાઓને વધુ વેગ આપશે. વડાપ્રધાને આ મિશન સાથે જોડાયેલા તમામ વૈજ્ઞાનિકોનો આભાર માન્યો હતો. ચંદ્રયાન-૧ મિશનને ઉદાહરણ તરીકે ટાંકતા પીએમએ કહ્યું કે મિશન ચંદ્ર પર પાણીની હાજરીની પુષ્ટિ કરી છે. જે દેશભરના ૨૦૦ થી વધુ વૈજ્ઞાનિક પ્રકાશનોમાં પ્રકાશિત થયું હતું.

પીએમએ કહ્યું કે ચંદ્રયાન-૧ મિશન પહેલા ચંદ્રને માત્ર શુષ્ક, ભૌગોલિક રીતે નિષ્ક્રિય અવકાશી પદાર્થ માનવામાં આવતો હતો. પરંતુ પાણી અને બરફની શોધ પછી, ચંદ્રને ગતિશીલ અને ભૂસ્તરશાસ્ત્રીય રીતે સક્રિય ગણવામાં આવ્યો. વડાપ્રધાને એ વાતનો પણ ઉલ્લેખ કર્યો કે ભવિષ્યમાં ચંદ્ર પર વસવું શક્ય છે.

ચંદ્રયાન-૨ મિશનની નિષ્ફળતા છતાં પીએમ મોદીએ તેનો ઉલ્લેખ કરતા કહ્યું કે આ મિશન અમારા માટે પણ ફાયદાકારક સાબિત થયું છે. ઓર્બિટરના ડેટાએ રિમોટ સેન્સિંગ દ્વારા પ્રથમ વખત ક્રોમિયમ, મેંગેનીઝ અને સોડિયમની હાજરી શોધી કાઢી હતી. આનાથી ચંદ્ર સંબંધિત અમારી માહિતીમાં વધારો થયો. લોકોને વિનંતી કરતા પીએમએ કહ્યું કે તેઓ ચંદ્રયાન-૩ વિશે વધુને વધુ જાણતા હોવા જોઈએ કારણ કે તે તમને ગર્વ અનુભવશે.ચંદ્રયાન-૩ એક લેન્ડર, એક રોવર અને એક પ્રોપલ્શન મોડયૂલર એમ ત્રણ ભાગમાં બનાવવામાં આવ્યું છે. તેનું કુલ વજન ૩૯૦૦ કિલો છે. પ્રોપલ્શન મોડયૂલરનું વજન ૨૧૪૮ કિલો છે. રોવરનું વજન ૨૬ કિલો છે. પ્રોપલ્શન મોડયૂલર ૯૫૮ વોટ વીજળી, લેન્ડર મોડયૂલર ૭૩૮ વોટ અને રોવર ૫૦ વોટ વીજળી ઉત્પન કરશે.

ઈસરોનું છેલ્લું મૂન મિશન ચંદ્રયાન-૨ અંતિમ સમયે નિષ્ફળ ગયું હતું. ચંદ્રયાન-૩ને ગત વખતની ભૂલોમાંથી પાઠ ભણતા ડિઝાઈન કરવામાં આવ્યું છે.ઈસરોનું ચંદ્રયાન-૩ મિશન ચંદ્રના અજાણ્યા સ્થળો વિશે માહિતી આપશે. રાસાયણિક તત્વો અને પાણી-માટીની શોધ કરશે. આ સિવાય ચંદ્રયાન-૩ ચંદ્ર પર કિંમતી ધાતુઓ શોધી કાઢશે. ચંદ્રયાન-૩ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ કરશે. ધ્યેય ચંદ્રની સપાટી પર રોવર ચલાવવાનો છે. ચંદ્રયાન-૩ ચંદ્ર પર હાજર તત્વોનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરશે.

તમને જણાવી દઈએ કે ચંદ્રયાન-૧ મિશનમાં ૩૮૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. તે જ સમયે, ચંદ્રયાન-૨ મિશનનો ખર્ચ ૯૭૮ કરોડ રૂપિયા હતો. હવે ચંદ્રયાન-૩ મિશન પણ ઘણું સસ્તું છે. તેની કિંમત ૬૧૫ કરોડ રૂપિયા છે. આમાં તો સ્પેશ પર આધારિત હોલિવૂડ ફિલ્મો બને છે.

ચંદ્રયાન-૩ આજે ૧૪ જુલાઈ, ૨૦૨૩ના રોજ લોન્ચ કરવામાં આવ્યું છે. આ ચંદ્રયાન-૨નું ફોલોઅપ મિશન છે. તેને શ્રીહરિકોટા સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. ચંદ્રયાન-૩ મિશનમાં લેન્ડર, રોવર સામેલ છે. મિશનમાં ઓર્બિટરનો સમાવેશ થતો નથી. લેન્ડર, રોવર ૧૪ દિવસ સુધી સક્રિય રહેશે. ૨૩-૨૪ ઓગસ્ટની વચ્ચે ચંદ્ર પર ઉતરવાનો પ્રયાસ થશે. ચંદ્રયાન-૩ના વજનની વાત કરીએ તો લેન્ડર મોડ્યુલનું વજન ૧.૭ ટન છે. પ્રોપલ્શનનું વજન લગભગ ૨.૨ ટન છે. લેન્ડરમાં મૂકવામાં આવેલા રોવરનું વજન ૨૬ કિલો છે.

### ચંદ્રયાન-૩ મિશનના ખાસ ૩ લક્ષ્ય




### ચંદ્રની સપાટી પર પહોંચતાની સાથે જ લેન્ડર અને રોવર એક ચંદ્ર દિવસ એટલે કે પૃથ્વી ના ૧૪ દિવસ માટે સક્રિય થઇ જશે



## ખાદ્યતેલોના ભાવમાં ભડકો, સિંગતેલના ડબ્બાનો ભાવ રુપિયા 3100 પર પહોંચ્યો, એક મહિનામાં રુપિયા 500નો વધારો થયો

અમદાવાદ,

તહેવારો આવતા પહેલા ફરી એક વાર તેલના ભાવમાં આગ ઝરતી તેજી જોવા મળી રહી છે. સિંગતેલના ભાવમાં રૂપિયા ૪૦નો વધારો થયો છે. એક મહિનામાં સિંગતેલના ભાવમાં રૂપિયા ૫૦૦નો વધારો થયો છે. સિંગતેલના ડબ્બાનો ભાવ હવે રૂપિયા ૩૧૦૦ પર પહોંચી ગયો છે. ત્યારે કપાસિયા અને પામોલિન તેલના ભાવ પણ વધ્યા છે.

કપાસિયા તેલના ભાવમાં રૂપિયા ૭૦નો વધારો થતા કપાસિયાનો ભાવ ૧૭૦૦થી ૧૭૫૦ સુધી પહોંચ્યો છે. તેમજ પામોલિન તેલમાં રૂપિયા ૩૦થી ૪૦નો વધારો થતા ૧૪૫૦ પર પહોંચ્યો છે. જો કે વેપારીઓનું કહેવું છે, કે માર્કેટમાં મગફળીની અછત થઈ હોવાથી સિંગતેલના ભાવમાં વધારો થયો છે. તો ગૃહિણીઓ અને સામાન્ય લોકોને ફરી એક વાર મોંઘવારીનો માર સહેવાનો વારો આવ્યો છે.

## જૂન મહિનામાં જથ્થાબંધ ફુગાવો -૪.૧૨% પર પહોંચ્યો, અનાજ, ઈંધણ અને ઉત્પાદિત ચીજવસ્તુઓના ભાવમાં નરમાઈ

નવીદિલ્હી,

ખાદ્યપદાર્થો, ઈંધણ અને ઉત્પાદિત વસ્તુઓના ભાવમાં નરમાઈને કારણે ડબ્લ્યુપીઆઈ ફુગાવો (-) ૪.૧૨ ટકા થયો. જથ્થાબંધ ભાવ સૂચકાંક ડબ્લ્યુપીઆઈ પર આધારિત ફુગાવો મે મહિનામાં માઈનસ ૩.૪૮ ટકા હતો. ગયા વર્ષે જૂનમાં તે ૧૬.૨૩ ટકા હતો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે શુક્રવારે એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે ખાદ્ય ચીજવસ્તુઓનો ફુગાવો જૂનમાં માઈનસ ૧.૨૪ ટકા થઈ ગયો હતો જે મેમાં માઈનસ ૧.૫૯ ટકા હતો. ઈંધણ અને પાવર બાસ્કેટમાં ફુગાવો જૂનમાં માઈનસ ૧૨.૬૩ ટકા થઈ ગયો છે જે મેમાં માઈનસ ૯.૧૭ ટકા હતો. ઉત્પાદિત ઉત્પાદનોનો ફુગાવો આ મહિના માટે માઈનસ ૨.૭૧ ટકા રહ્યો હતો જે મે મહિનામાં માઈનસ ૨.૯૭ ટકા હતો. જૂન ૨૦૨૩ માં ફુગાવામાં ઘટાડો મુખ્યત્વે ખનિજ તેલ, ખાદ્ય ઉત્પાદનો, મૂળભૂત ધાતુઓ, ક્રૂડ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ અને કાપડના ભાવમાં ઘટાડાને કારણે છે, એમ રિલીઝમાં જણાવાયું છે.

## ૧૭-૧૮ જુલાઈના રોજ ગાંધીનગરમાં જી-૨૦ નાણા મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નરોની બેઠક યોજાશે

ગાંધીનગર,

કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારમણ અને ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસ રાજ્યની રાજધાની ગાંધીનગરમાં ૧૭-૧૮ જુલાઈના રોજ યોજાનારી જી-૨૦ નાણા પ્રધાનો, સેન્ટ્રલ બેંકના ગવર્નરોની બેઠકની સહ-અધ્યક્ષતા કરશે. અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે આ બેઠકમાં ૬૬ પ્રતિનિધિઓ ભાગ લેશે. આ પહેલા ૧૪ અને ૧૫ જુલાઈના રોજ ગાંધીનગરમાં જી-૨૦ નાણા અને કેન્દ્રીય બેંકના પ્રતિનિધિઓની બેઠક યોજાશે.

આ બેઠકમાં વૈશ્વિક અર્થતંત્ર અને આંતરરાષ્ટ્રીય નાણાકીય માળખાને લગતા અનેક મુદ્દાઓ પર ચર્ચા થશે. આ બેઠકો ભારતની અધ્યક્ષતામાં જી-૨૦માં થઈ રહી છે. તેમાં ૧૯ દેશો અને યુરોપિયન યુનિયન સામેલ છે. કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના પ્રધાન સીતારામન અને આરબીઆઈ ગવર્નર દાસ સંયુક્ત રીતે ૪૨૦ નાણા પ્રધાનો અને સેન્ટ્રલ બેંક ગવર્નરોની ત્રીજી બેઠકની અધ્યક્ષતા કરશે.

વરિષ્ઠ અમલદારે જણાવ્યું હતું કે ૩જી એફએમસીબીજી બેઠકમાં જી ૨૦ સભ્યોના નાણા મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નરો, અતિથિ દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના વડાઓની સહભાગિતા જોવા મળશે. કુલ મળીને, બેઠકમાં ૬૬ પ્રતિનિધિમંડળમાં ૫૨૦ સહભાગીઓ હશે. આ મીટિંગને પાંચ વિષયોના સત્રોમાં આયોજિત કરવામાં આવશે, જેમાં વૈશ્વિક અર્થતંત્ર અને આરોગ્ય, ટકાઉ ફાઈનાન્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આંતરરાષ્ટ્રીય નાણાકીય આર્કિટેક્ચર, આંતરરાષ્ટ્રીય કરવેરા અને નાણાકીય ક્ષેત્ર અને નાણાકીય જેવા મુદ્દાઓનો આવરી લેવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે, ૩જી જી ૨૦ એફએમસીબીજીનો ઉદ્દેશ્ય ૪૨૦ ફાયનાન્સ ટ્રેકના પરિણામોની સમીક્ષા કરવાનો છે અને મંત્રીઓ અને રાજ્યપાલો પાસેથી આગળના માર્ગ પર માર્ગદર્શન મેળવવાનો છે. "મંત્રીઓ અને ગવર્નરોને જે મુખ્ય ડિલિવરેબલ્સ રજૂ કરવામાં આવશે તેમાં એમડીબીએસ (બહુપક્ષીય વિકાસ બેંકો) ને મજબૂત કરવા પર જી૨૦ સ્વતંત્ર નિષ્ણાત જૂથના અહેવાલના વોલ્યુમ ૧નો સમાવેશ થાય છે; જેમાં સામાન્ય ફ્રેમવર્ક હેઠળ દેશો માટે દેવાની સારવારમાં પ્રગતિ; વિકાસ માટે માર્ગદર્શન નોંધ. ક્રિપ્ટો-સંપત્તિઓના નિયમન અને દેખરેખ માટે વૈશ્વિક સ્તરે સંકલિત માળખું," શેઠે જણાવ્યું હતું કે મીટિંગની બાજુમાં, મુલાકાતી રહેલા મંત્રીઓ, રાજ્યપાલો, ડેપ્યુટીઓ અને અન્ય પ્રતિનિધિઓ માટે સંખ્યાબંધ જી ૨૦ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.આમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણકારોના સંવાદનો સમાવેશ થાય છે. 'કરચોરી, ભ્રષ્ટાચાર અને મની મૅન્ડરિંગ સામે લડત' અને ક્રિપ્ટો અસ્કયામતો પર રાઉન્ડ ટેબલ ચર્ચા પર ઉચ્ચ સ્તરીય ટેક્સ સિમ્પોઝિયમ નો સમાવેશ થાય છે.નાણા મંત્રીઓ અને અન્ય પ્રતિનિધિઓ માટે 'રાત્રી ભોજન પર સંવાદ' અને સાથે સાથે ભારતના વૈવિધ્યસભર ભોજન અને સમૃદ્ધ સંસ્કૃતિને દર્શાવતા સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવશે.






## શિવસેનાના ૧૬ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાના કેસમાં સુપ્રીમે સ્પીકરને નોટિસ પાઠવી

મુંબઈ,

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)માં બળવા બાદ મહારાષ્ટ્રના રાજકારણમાં હલચલ મચી ગઈ છે. દરમિયાન, ઉદ્ધવ ઠાકરે જૂથે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાની તણાવમાં વધારો કર્યો છે. શિવસેનાના ૧૬ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાના કેસ સાથે સંબંધિત આ અરજી પર સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષને નોટિસ જારી કરી છે. શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ)નો આરોપ છે કે વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકર શિંદે જૂથના ૧૬ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાના નિર્ણયમાં વિલંબ કરી રહ્યા છે. એટલા માટે ઉદ્ધવ જૂથે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને માંગ કરી છે કે સ્પીકરને આ મામલે તાત્કાલિક નિર્ણય લેવાનો આદેશ આપવામાં આવે. શિવસેનાના વિધાનસભ્ય સુનિલ પ્રભુએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરને શિંદેની આગેવાની હેઠળના બળવાખોર ધારાસભ્યો સામેની પેન્ડિંગ ગેરલાયકાતની અરજીઓનો ઝડપથી નિર્ણય લેવા માટે નિર્દેશ આપવા માંગ કરી હતી. આ અરજી પર આજે સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે વિધાનસભાના અધ્યક્ષને નોટિસ મોકલીને બે સપ્તાહમાં લેખિત જવાબ આપવાનો નિર્દેશ આપ્યો છે. અરજીમાં ઉદ્ધવ ઠાકરે જૂથે વક્તા પર નિષ્ક્રિયતા અને પક્ષપાતનો આરોપ લગાવ્યો છે. મહારાષ્ટ્રમાં સત્તા સંઘર્ષનું પરિણામ ૧૧ મેના રોજ આવ્યું. ત્યારપછી સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બેન્ચે પોતાનો ચુકાદો આપતાં કહ્યું હતું કે વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકર એકનાથ શિંદે સહિત શિવસેનાના ૧૬ બળવાખોર ધારાસભ્યોના ભાવિનો નિર્ણય કરશે, જેમની પર પક્ષ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો આરોપ છે.

### મે.ઘોઘંબાના મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા

જન્મ/મરણ/અરજી નં.૧૨૩/૨૦૨૩

**અરજદાર : બારીયા રચલીબેન સબુરભાઈ**
**રહે :- શનીચાડા, તા.ઘોઘંબા, જી.પંચમહાલ**

**વિરૂદ્ધ**

**સામાવાળા : જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, શનીચાડા, શનીચાડા ગ્રામ પંચાયત, તા.ઘોઘંબા, જી.પંચમહાલ**

-:: હુકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

ઉપરોકત વિષયના અરજદારના પતિ નામે બારીયા સબુરભાઈ ભોદુભાઈ નું મરણ તાઃ૨૪/૧૧/૨૦૦૩ ના રોજ રહે.શનીચાડા, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમના પતિના મરણની નોંધ સામાવાળાના જન્મ/મરણ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.

વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦(ત્રીસ)માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહીં આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

આજ તાઃ-૧૩, માહે, જુલાઈ સને ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી
(બી.એમ.જોષી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ઘોઘંબા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## સંતરામપુર નજીક સંત વળાંકમાં ફોરવીલર અને લોડિંગ વાહન સાથે થયો : અકસ્માતમાં ડોક્ટરનો આબાદ બચાવ



સંતરામપુર,

સંતરામપુર સંત વળાંકમાં લોડિંગ વાહને ફોરવીલર ગાડીને પાછળના ભાગે એક કિલોમીટર સુધી ઘસેડીને ફોરવીલર વાહનને ઘસેડાયો. સંતરામપુર તાલુકાના ઉખરેલી ગામના ડોક્ટર નિખિલભાઈ ખરાડી પોતાનું વાહન લઈને કડાણા તરફ જઈ રહેલા હતા. અચાનક લોડીંગ વાહનની અકસ્માત સર્જાતા ડોકટરનો આબાદ બચાવ થયો હતો. આવા વળાંકમાં અવારનવાર અકસ્માતો સર્જાતા હોય છે. આ જગ્યાએ એક સાથે બે અકસ્માત થયા હતા, પરંતુ ડ્રાઈવરે ચાલાકી થી ગાડી બહાર કાઢીને બહાર કાઢી લીધી હતી. જ્યારે બીજી બાજુ ડોક્ટરની ગાડીને ઢાળ ઉપરથી લોડીંગ વાહને એક કિલોમીટર સુધી ઘસેડીને પાછળના ભાગે ગાડીના ભુક્કા બોલાવી નાખ્યા બેઠેલા ડોક્ટરનું આબાદ બચાવ થયો હતો. પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અક્સ્માત થતા જ કલાકો સુધી ટ્રાફિક્સ દ્રશ્યો પણ જોવા મળી આવેલા હતા.



લુણાવાડા-ગોધરા હાઈવે માર્ગ ઉપર પાનમ નદીના પુલ સાઈડમાં મગર નદી માંથી બહાર આવી ગયો હોય આ બાબતે વન વિભાગને જાણ કરતાં વન કર્મચારીઓ નદીમાં ઉતરી મગરના બચ્ચાનું રેસ્કયુ કરી સુરક્ષીત નદીના પાણીમાં છોડી મુકવામાં આવ્યો.

## જુના ટુ વ્હીલર,થ્રી વ્હીલર,ફોર વ્હીલર ગાડીઓ ખરીદનાર-વેચનાર વ્યક્તિઓએ રજીસ્ટર નિભાવવા માટેનુ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું

મહિસાગર,

મહિસાગર અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સી.વી લટા દ્વારા જુના ટુ વ્હીલર,થ્રી વ્હીલર,ફોર વ્હીલર ગાડીઓ ખરીદનાર-વેચનાર વ્યક્તિઓએ રજીસ્ટર નિભાવવા માટેનુ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

જેમાં જુનુ ફોર વ્હીલર, થ્રી વ્હીલર અને ટુ વ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બીલ આપવું અને તેની સ્થળપ્રત કબજામાં રાખવી, વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીગ લાયસન્સ,પાનકાર્ડ, ઈલેક્શન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્ય, સાંસદ સભ્ય, કોઈ પણ ખાતાના રાજયપત્રિત અધિકારી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈ પણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા વાહનો વેચાણ કર્તાએ મેળવવાનો રહેશે. બીલમાં ખરીદનારનું પુરૂ નામ/સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો, વેચાણ બીલમાં જુના વાહનનો એન્જીન નંબર, મોડેલ નંબર, રજીસ્ટેશન નંબર/ ચેચીસ નંબર લખવાનો રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## બાલાસિનોર તાલુકામાં વૃક્ષોનું આડેધડ છેદન

બાલાસિનોર,

સરકાર એક બાજી વૃક્ષારોપણ માટે કરોડો રૂપિયા વેડફી રહી છે ત્યારે મહિસાગર જિલ્લામાં બેરોકટોક લીલા વૃક્ષોનુ નિકંદન થતાં પર્યાવરણ પ્રેમીઓ નારાજગી જોવા મળી રહી છે. તંત્ર દ્વારા વૃક્ષોનુ નિકંદન કાઢતા લોકો સામે કાર્યવાહી કરવામાં નહિ આવતા તાલુકામાંથી દિવસ-રાત વાહનોમાં લીલા વૃક્ષોના લાકડાની હેરાફેરી થઈ રહી છે. અને ગેરકાયદેસર લાકડા ભરેલા જોખમી રીતે હંકારતા હોવાથી નાના-મોટા અકસ્માતો થવાની સંભાવના રહેલી છે. જો વૃક્ષોનુ નિકંદન કરતા તત્વોને રોકવામાં નહિ આવે તો લીલોછમ બાલાસિનોર તાલુકાને રણપ્રદેશ બનતા વાર નહિ લાગે. વધુમાં તાલુકાના ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ ગૌચર જમીનોમાંથી પણ ગેરકાયદેસર રીતે લીલા વૃક્ષો કપાઈ રહ્યા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે વનવિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉભી થઈ છે.

## દાહોદની રાજસ્થાનના જોધપુર પરણાવેલ પરણિતાને સાસરીયાઓ દ્વારા દાગીના અને રોકડ પરત આપવાની વાત કહ્યા બાદ નહિ આપતાં ફરિયાદ

દાહોદ,

રાજસ્થાનના જોધપુર ખાતે પરણાવેલી દાહોદ, ગોધરા રોડ, અરાધના સોસાયટીમાં રહેતી ૨૮ વર્ષીય પરણિતાને તેના પતિ તથા સાસુ-સસરા દ્વારા જુદા જુદા કારણોસર ઝગડો કરી ત્રાસ આપતાં હોવાથી પીડીત યુવતીએ પોલીસમાં ફરિયાદ કરી લગ્ન સમયે પતિને આપેલ સોના-ચાંદીના દાગીના તથા રોકડ મેળવવા પ્રયાસ કરતાં તે લોકોએ દાગીના તથા રોકડ મેળવવા પ્રયાસ કરતાં તે લોકોએ દાગીના તથા રોકડ આપી દેવા લેખીત બાહેધરી આપ્યા છતાં દાગીના તથા રોકડ નહીં આપી છેતરપીંડી વિશ્વાસઘાત કર્યાનું જાણવા મળ્યું છે.

દાહોદ, ગોધરા રોડ, આરાધના સોસાયટીમાં રહેતી ૨૮ વર્ષીય લવીનાબેનના લગ્ન રાજસ્થાનના જોધપુર શિવશકિત નગરમાં રહેતા સન્ની પ્રકાશચંદ્ર સાવલાણી સાથે તા. ૧૩-૮-૨૦૧૮ના રોજ થયા હતા અને લગ્ન સમયે લવીનાબેનના પતિ સન્ની, સસરા પ્રયાશચંદ્ર દયારામ લાવલાણી તથા સાસુ પુનમબેન સાવલાણીએ દહેજ પેટે જુદા જુદા પ્રકારનું સોના-ચાંદીના દાગીના તથા રૂા. ૧૫ લાખની રોકડ મેળવી હતી. તેમજ લગ્ન બાદ લવીનાબેનના પિતા પાસે રૂપિયા ૪ લાખ બહાના હેઠળ મેળવ્યા હતા. તે પછી લવીનાબેન સાથે તેના પતિ સન્નીએ જુદા જુદા કારણોસર ઝઘડા કરી ત્રાસ આપતો હોવાથી લવીનાબેને તેના પતિ તેમજ સાસુ-સસરા વિરૂધ્ધ શારીરીક અને માનસીક ત્રાસ આપતો હોવાની ફરિયાદ દાહોદ મહિલા પોલીસ સ્ટેશનમાં આપી હતી. તે પછી લવીનાબેને પોતે આપેલા સોના-ચાંદીના દાગીના તથા રૂપિયા ૧૯ લાખની રોકડ પરત આપી દેવા તેના પતિ સાસુ-સસરાાને જણાવતાં તે ત્રણે જણાએ તા. ૧૬-૩-૨૦૨૩ના રોજ નોટરી સ્ટેમ્ પેપર પર લખાણ કરી ઉપરોક્તય દાગીના તથા રોકડ આપી દેવા ત્રણે જણાએ લેખીત બાહેધરી આપી હતી અને બારેધરીની મુદ્દત પુરી થઈ ગયા છતાં તે લોકોએ લવીનાબેનના દાગીના તથા રોકડ પરત ન આપી છેતરપીંડી વિશ્વાસઘાત કર્યો હતો. જેથી લવીનાબેને દાહોદ એ ડિવિઝન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે લવીનાબેનના પતિ તથા સાસુ, સસરા વિરૂધ્ધ છેતરપીંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા રેલ્વે હોસ્પિટલ ખાતે રોટરી અને હિતાંશી ફાઉન્ડેશનના ઉપક્રમે રકતદાન કેમ્પ યોજયો



ગોધરા,

ગોધરા વેસ્ટન રેલ્વે તેમજ રોટરી કલબ હિતાંશી ફાઉન્ડેશન સંયુકત ઉપક્રમે ગોધરા રેલ્વે હોસ્પિટલ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગોધરા રેલ્વે હોસ્પિટલ ખાતે યોજવામાં આવેક રકતદાન કેમ્પ રેલ્વે અધિકારીઓ, કર્મચારીઓ તેમજ વેસ્ટન રેલ્વેના ચીફ ફાર્મસી જયદીપ સોની, ઈસ્માઈલ ફોદા,રોહન ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.આજરોજ યોજાયેલ રકતદાન શિબિરમાં પ્રથમ વખત ૬૦ જેટલા મુસ્લીમ યુવાનો તેમજ રેલ્વેના કર્મચારીઓ દ્વારા રકતદાન કરાયું.

## દાહોદના ખરોડ ગામે બાઈક સ્લિપ ખાતા ચાલકનું મોત

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોડ ગામે એક મોટરસાયકલ સ્લિપ ખાઈ જતા મોટરસાયકલ પણ સવાર ચાલકને શરીરે, હાથે-પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં મોત નીપજ્યું હતુ.

દાહોદ તાલુકાના ડોકી ગામે પટેલ ફળિયામાં રહેતા જયંતિભાઈ પારસીંગભાઈ સંગાડા મોટરસાયકલ લઈ દાહોદ તાલુકાના ખરોડ બાયપાસ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા તે સમયે અચાનક મોટરસાયકલ સ્લિપ ખાઈ જતા જયંતિભાઈ મોટરસાયકલ પરથી ફંગોળાઈ ગયા હતા જેથી તેમને હાથે-પગે માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા તેમનુ મોત નીપજ્યું હતુ. આ સંબંધે માલુભાઈ પારસીંગભાઈ સંગાડાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



દાહોદ જીલ્લાના પ્રભારી મંત્રી અને રાજયના આદિજાતી વિકાસ વિભાગના અને પ્રાથમિક,માધ્યમિક તેમજ પ્રોઢ શિક્ષણ વિભાગના મંત્રી કુબેરભાઈ ડિડોંરના અધ્યક્ષ સ્થાને તા.૧૫/૦૭/૨૦૨૩ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે લીમખેડાના નવીન બસ સ્ટેશનું લોકાર્પણ કાર્યકમ યોજશે. આ કાર્યક્રમમાં રાજયકક્ષાના મંત્રી બચુભાઈ ખાબડ, સાંસદ જશવંતસિંહ ભાભોર, જીલ્લા પંચાયત પ્રમુખ શિતલબેન વાઘેલા સહિત તમામ ધારાસભ્ય ઓ ઉપસ્થિત રહેશે.

## શહેરાના કવાલી ગામ ખાતે યુવક અને કિશોરીના મૃતદેહ મહુડાના ઝાડ ઉપર લટકતા મળતા ચકચાર

શહેરા,

શહેરા તાલુકાના કવાલી ગામ ખાતે યુવક અને કિશોરીની મહુડાના ઝાડ ઉપર લટકતી લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસે આ મામલે ફરીયાદ નોંધીને વધુ તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

શહેરા તાલુકાના કવાલી ગામ ખાતે યુવક અને કિશોરીની મહુડાનાં વૃક્ષ ઉપર લટકતી લાશ સ્થાનિક ગ્રામજન ને જોવા મળી હતી. જેને લઈને ગામના જાગૃત નાગરીક દ્વારા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવામા આવતા પોલીસ મથકનો સ્ટાફ સ્થળ પર પહોંચીને જરૂરી તપાસ હાથધરી હતી. મહુડાના વૃક્ષ ઉપર બન્ને લટકતી લાશને સ્થાનિક લોકોની મદદથી નીચે ઉતારવામાં આવી હતી. પોલીસ તપાસમાં યુવક શેખપૂર ગામનો અને કિશોરી સ્થાનિક ગામની હોવાનું બહાર આવ્યું હતું. આ બન્ને લાશને પોલીસ દ્વારા પોસ્ટમોર્ટમ માટે ખસેડાઈ હતી. ઝાડ ઉપર લટકતી લાશની વાત વાયુવેગે પ્રસરી જતા બનાવ સ્થળ ઉપર મોટી સંખ્યામાં લોકટોળા ઉમટી આવ્યા હતા. ઝાડ ઉપર જે રીતે યુવક અને કિશોરીની લાશ યુવક અને કિશોરીની લાશ લટકતી જોવા મળી રહી હોય ત્યારે પોલીસનાં ઉચ્ચ અધિકારી દ્વારા આ બાબતે ઝીણવટભરી તપાસ કરવામાં આવશે ખરી? કિશોરી અને યુવકનો આપઘાત કે પછી હત્યા થઈ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ ખરી હકીકત મૃતકના પરિવારજનોને ખબર પડી શકશે તેમ છે. બનેલા બનાવને લઈને મૃતકના પરિવારજનોમાં ઘેરો શોક છવાયો હતો. જ્યારે પોલીસે ફરિયાદ નોંધીને વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

## ગોધરા તાલુકાના ગદુકપુરના ૨૮ વર્ષીય યુવાનને સારવાર માટે સિવિલમાં દાખલ કરતા સારવાર દરમિયાન મોત

ગોધરા,

ગોધરા તાલુકાના ગદુકપુર ગામના ૨૮ વર્ષીય યુવાન દવા સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવેલ જ્યાં ફરજ પરના મહિલા તબીબ દ્વારા મૃત જાહેર કરાયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ગદુકપુર ગામે રહેતા હિંમતભાઈ દિનેશભાઈ નાયક ઉ.વ.૨૮ને ૧૧ જુલાઈના રોજ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. રાત્રીના સમયે તબીયત બગડતા ઈમરજન્સી વોર્ડમાં લાવવામાં આવતાં હાજર મહિલા તબીબ દ્વારા તપાસ કરી મરણ ગયેલ જાહેર કરાયો હતો.



ગોધરાના પરવડી ગામે આવેલ ગૌશામાં છેલ્લા ત્રણ માસથી આખલો ફુલી જવાથી પિડીત હતા. આ માટે ૧૯૬૨ કરૂણા એમ્બ્યુલન્સનો સંપર્ક કરાયો હતો. કરૂણા એનીમલ એમ્બ્યુલન્સના ડાૅ.શૈલેષ પંચાલ અને પાયલોટ પરવડી પાંજરાપોળ ખાતે પહોંચ્યા હતા અને આખલાની સર્જરી કરીને જરૂરી સારવાર પુરી પાડવામાં આવતાં આખલાંનો જીવ બચી જતાં પાંજરાપોળના કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ભાજપ અને કોંગ્રેસના આદિવાસી નેતાઓને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા ચીમકી



દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકાના આમ આદમી પાર્ટી દ્વારા UCC વિરોધ કરી નારા સાથે મામલતદાર કચેરીએ પહોંચ્યા અને સંજેલી નગરના આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ સંજેલી મામલતદાર કચેરી પહોંચી આવેદન પાઠવી વિરોધ કરવામાં આવ્યો હતો. આદિવાસી સમાજને ગંભીર નુકડાન થાય છીનવાઈ જાય તેવું અમને એવું અમને લાગે છે. જેના હાલ તારણ કરવામાં આવ્યું છે. જેથી અમે તેનો વિરોધ કરીએ છીએ, તેનો વિરોધ કરીએ છીએ, યુસીસીનો વિરોધ છે કે, અમારા સમાજના એટ્રોસિટી એ પણ છીનવાઈ જાય હમણાં એટ્રોસિટી એકટ લાગુ છે. તે છતાં પણ અત્યાચારો કરવામાં આવે છે. ત્યારે યુસીસી લાગુ પાડે તો કેટલો અત્યાચાર કરવામાં આવે એટલે અમે તેનો વિરોધ કરીએ છીએ. અમારા જંગલ જમીન ઉપર ૭૩ એએ હટી જાય તેવું અમને લાગે છે. અમારા ઉપર ખતરો છે, તે માટે અમે વિરોધ કરી સંજેલી મામલતદારને આવેદન આવેદન પાઠવી યુસીસી કાયદો લાગુ કરવાનો વિરોધ કરીએ છીએ.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે. સારા વર્તનથી નવા મિત્રો બનશે અને નવા પ્રોજેક્ટ પર પણ કામ શરૂ થશે. માત્ર થોડી મહેનત કરવાથી માન પ્રાપ્ત થશે અને રાજકીય પ્રવૃત્તિઓમાં પણ વધારો થશે.

વૃષભ : લોકો તમારી સાથે ભાવનાત્મક જોડાણ બનાવશે પરંતુ જરૂરિયાત સમયે કોઈ આગળ નહીં આવે. ક્ષેત્રમાં સહકાર્યકરોના અલગ વર્તનને લીધે તમારે પોતાના પર વધુ નિર્ભર રહેવું પડશે. ઘરની બહાર જમવાનું ટાળો અને કોઈપણ પ્રકારના ષડયંત્રથી સાવધાન રહો.

મિથુન : આ દિવસે કાર્યો પ્રત્યે મનમાં ઉગ્ર મન રહેશે. રોજગાર અને વ્યાવસાયિક લોકોને તેમના ક્ષેત્રમાં કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

કર્ક : દિવસભર ઉત્તેજના રહેશે અને થોડી મૂંઝવણના કારણે ધનલાભના માર્ગમાં અડચણો આવી શકે છે, કોઈ અનુભવી વ્યક્તિની સલાહ લઈને મામલો ઉકેલી શકાય છે. વિદ્યાર્થીઓને તેમની ઈચ્છા પ્રમાણે શિક્ષણક્ષેત્રે સફળતા મળશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે પ્રતિકૂળ રહેશે. તમે જે પણ કાર્ય કરવા માગો છો તેમાં આળસ આવી શકે છે. જીવનની દિશા નવો વળાંક લેશે. વિદ્યાર્થીઓ શિક્ષણમાં રસ લેશે. ધંધામાં વારંવાર નફાની તકો મળશે અને તેને જાળવવા માટે અસરકારક વ્યક્તિ પર પૈસા પણ ખર્ચ કરવામાં આવશે.

કન્યા : આ દિવસે તમારે અચાનક બનતી ઘટનાઓથી સાવધાન રહેવું જોઈએ. ઘરનો નિત્યક્રમ સામાન્ય રહેશે, પરંતુ આજે જે પણ કાર્યમાં હાથ લેશો તેમાં આકસ્મિક નુકસાન થવાની સંભાવના છે. ઘરે મહિલાઓના હાથે થોડું નુકસાન થઈ શકે છે.

તુલા : આજનો દિવસ આર્થિક લાભ પૂરા પાડશે, તેમ છતાં ધ્યાનમાં રાખો કે વર્તનમાં પરિવર્તન થવાના કારણે પ્રેમ સંબંધોને નુકસાન થઈ શકે છે. તમારી આસપાસના લોકો સાથે દલીલ ના કરો. દરેક વાત પર ગુસ્સે થવું ઘરના વાતાવરણને ખલેલ પહોંચાડે છે.

વૃશ્ચિક : આજનો દિવસ આર્થિક દૃષ્ટિકોણથી પ્રગતિનો દિવસ રહેશે. જો પૈસા સંબંધિત સમસ્યાઓ મોટા પ્રમાણમાં ઉકેલવામાં આવે તો દિવસભર ખુશી રહેશે. કામના ધંધાથી પ્રારંભિક કાર્ય કર્યા પછી, પૈસાનો પ્રવાહ બપોરે શરૂ થશે.

ધનુ : આજનો દિવસ તમને સંપત્તિ અને સન્માન બંને આપશે. તમે જે પણ કામ કરો છો તેની શરૂઆતમાં તમારે થોડુંક દોડવું પડી શકે છે, પરંતુ અંતિમ પરિણામ ખુશીઓથી ભરેલું રહેશે. સરકારી કામમાં સફળતા મળશે પરંતુ વિલંબ કરશો તો બાકી રહેશે.

મકર : આજે તમે કોઈપણ કાર્ય બાબતે વધુ ભાગદોડ નહીં કરો. તમને જે પણ સરળતાથી મળશે તેનાથી તમને સંતોષ મળશે. પ્રામાણિકતા સાથે રચાયેલા સંબંધ તમને લાંબા સમય સુધી ટેકો આપશે.

કુંભ : આજે તમને દરેક કાર્યમાં સફળતા મળશે પરંતુ આ માટે તમારે વધુ બૌદ્ધિક કાર્ય કરવા પડશે. આધ્યાત્મિક અભ્યાસના ક્ષેત્ર સાથે સંકળાયેલા મૂળ લોકોમાં વ્યવહારમાં સિદ્ધિની લાગણી હશે. આજે બેરોજગાર લોકો થોડી મહેનત પછી કોઈપણ રોજગારમાં જોડાઈ શકે છે.

મીન : આ દિવસે તમને લગભગ તમામ કાર્ય માટે અનુકૂળ પરિણામ મળશે. મોટા ભાગના કામ થોડી મહેનતથી પૂર્ણ થશે. આર્થિક દ્રષ્ટિકોણથી, દિવસ ખૂબ નફાકારક રહેશે નહીં, તેમ છતાં સંતોષકારક પરિસ્થિતિ પ્રવર્તે છે. વ્યાવસાયિક વિસ્તરણની યોજનાઓ સફળ થશે.

## PM મોદીને ફ્રાંસનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર મળ્યો, 'લિજન ઓફ ઓનર' મેળવનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા

પેરિસ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફ્રાન્સ દ્વારા લીજન ઓફ ઓનરથી નવાજવામાં આવ્યા છે. તે ફ્રેન્ચનું સર્વોચ્ચ સન્માન છે. પીએમ મોદી આ સન્માન મેળવનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન છે. વિશ્વભરમાંથી પસંદગીના અગ્રણી નેતાઓ અને પ્રતિષ્ઠિત હસ્તીઓને લીજન ઓફ ઓનર એનાયત કરવામાં આવ્યું છે. આમાં દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ પ્રમુખ નેલ્સન મંડેલા, તત્કાલીન પ્રિન્સ ઑફ વેલ્સ, કિંગ ચાર્લ્સ, ભૂતપૂર્વ જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલ, સંયુક્ત રાષ્ટ્રના ભૂતપૂર્વ મહાસચિવ બૌટ્રોસ બૌટ્રોસ-ઘાલી વગેરેનો સમાવેશ થાય છે.



પીએમ મોદીને ફ્રાન્સ દ્વારા આપવામાં આવેલ આ સન્માન વિવિધ દેશો દ્વારા આપવામાં આવેલા ટોચના આંતરરાષ્ટ્રીય પુરસ્કારો અને સન્માનોની યાદીમાં સામેલ થઈ ગયું છે. અગાઉ પીએમ મોદીને જૂન ૨૦૨૩માં ઈજિપ્ત દ્વારા ઓર્ડર ઓફ ધ નાઈલ, મે ૨૦૨૩માં પાપુઆ ન્યૂ ગિની દ્વારા કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ લોગોહુ, મે ૨૦૨૩માં કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી, મેમાં પલાઉ રિપબ્લિક દ્વારા અબાકલ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. તે જ સમયે, ભૂટાન દ્વારા ૨૦૨૧ માં ડ્રૂક ગ્યાલ્પો, ૨૦૨૦માં યુએસ સરકાર દ્વારા લીજન ઓફ મેરિટ, ૨૦૧૯ માં બહેરીન દ્વારા પુનરુજ્જીવનના રાજા હમાદ ઓર્ડર, ૨૦૧૯ માં માલદીવ દ્વારા નિશાન ઈઝુદ્દીનના વિશિષ્ટ શાસનનો ઓર્ડર, સેન્ટ એન્ડ્રૂનો ઓર્ડર રશિયા દ્વારા એવોર્ડ, પીએમને ૨૦૧૯માં યુએઈ દ્વારા ઓર્ડર ઓફ ઝાયેદ એવોર્ડ, ૨૦૧૮માં ગ્રાન્ડ કોલર ઓફ ધ સ્ટેટ ઓફ પેલેસ્ટાઈન એવોર્ડ, ૨૦૧૬માં અફઘાનિસ્તાન દ્વારા સ્ટેટ ઓર્ડર ઓફ ગાઝી અમીર અમાનુલ્લા ખાન અને ઓર્ડર ઓફ અબ્દુલ અઝીઝ અલ સઉદથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ભારતીય સમુદાયને સંબોધિત કરતી વખતે પીએમ મોદીએ કહ્યું કે ભારતની ધરતી પણ મોટા પરિવર્તનની સાક્ષી છે. તેની કમાન્ડ ભારતના યુવાનો અને બહેનો અને દીકરીઓ પાસે છે. આજે સમગ્ર વિશ્વ ભારત પ્રત્યે નવી આશા અને નવી આશાઓથી ભરેલું છે. આ અપેક્ષા નક્કર પરિણામોમાં ફેરવાઈ રહી છે. તેની મહત્વની શક્તિઓમાંની એક ભારતનું માનવ સંસાધન છે અને તે સંકલ્પોથી ભરેલું છે. તે ભારતના લોકતાંત્રિક મૂલ્યો સાથે મક્કમતાથી આગળ વધી રહ્યું છે. ભારત હવે સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવી રહ્યું છે. હું એક સંકલ્પ લઈને આવ્યો છું, મારી દરેક કણ અને દરેક ક્ષણ દેશવાસીઓ માટે છે. તેમના સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે વિશ્વના ૪૬% વાસ્તવિક સમયના ડિજિટલ વ્યવહારો ભારતમાં થાય છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારત ક્યારેય પણ પોતાના લોકોને જોખમમાં ન જોઈ શકે. અમે પ્રાથમિકતાના ધોરણે લોકોને સુદાનથી યુક્રેનમાં ખસેડ્યા છે. ફ્રાન્સમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓને ૫ વર્ષના લાંબા રોકાણ વિઝા આપવામાં આવશે. પીએમ મોદીએ કહ્યું કે આજે વિશ્વ એક નવા વિશ્વ વ્યવસ્થા તરફ આગળ વધી રહ્યું છે. ભારતની ભૂમિકા ઝડપથી બદલાઈ રહી છે. ભારત હાલમાં જી૨૦ ની અધ્યક્ષતા કરી રહ્યું છે અને સમગ્ર જી ૨૦ જૂથ ભારતની સંભવિતતા પર નજર રાખી રહ્યું છે.પેરિસના લા સીન મ્યુઝિકલમાં પીએમ મોદીએ ભારતીય સમુદાયને સંબોધનની શરૂઆત 'ભારત માતા કી જય'ના નારા સાથે કરી હતી. તેણે કહ્યું, "આજનું દ્રશ્ય, આ દ્રશ્ય પોતાનામાં જ અદ્ભુત છે. આ ઉત્સાહ અભૂતપૂર્વ છે. આ સ્વાગત આનંદથી ભરેલું છે. ભારત માતાનો અવાજ સાંભળીને એવું લાગે છે કે હું ઘરે આવી ગયો છું. અહીં આવવા બદલ આપ સૌનો હૃદયપૂર્વક આભાર. આવતીકાલે ફ્રાંસનો રાષ્ટ્રીય દિવસ છે. મને આમંત્રણ આપવા બદલ ફ્રાન્સના લોકોનો હૃદયપૂર્વક આભાર.

પીએમ મોદીએ કહ્યું, "જ્યારે હું દેશથી દૂર હોઉં ત્યારે 'ભારત માતા કી જય'નો પોકાર સાંભળું છું, ક્યાંકથી અવાજ આવે છે - નમસ્કાર, એવું લાગે છે કે હું ઘરે આવી ગયો છું." પરંતુ આપણે ભારતીયો જ્યાં પણ જઈએ છીએ, ત્યાં ચોક્કસપણે મિની ઈન્ડિયા બનાવીએ છીએ.

પોતાના સંબોધનમાં પીએમ મોદીએ ફ્રાન્સની ધરતી પરથી ૪૨ વર્ષ જૂના ખાસ પ્રસંગને પણ યાદ કર્યો. પેરિસમાં ભારતીય સમુદાયને કહ્યું- હું ૧૯૮૧માં ૧૨૫ રૂપિયા ભરીને અમદાવાદ સ્થિત ફ્રાન્સ કલ્ચરલ સેન્ટરનો સભ્ય બન્યો હતો. તેમણે ફ્રાન્સ સાથેનો પોતાનો ૪૨ વર્ષ જૂનો અતૂટ નાતો યાદ કરીને કહ્યું કે, તેઓ વર્ષ ૧૯૮૧માં અમદાવાદમાં આવેલા ફ્રાન્સના સાંસ્કૃતિક કેન્દ્રના સભ્ય બન્યા હતા. નરેન્દ્ર મોદીનું ૪૨ વર્ષ જૂનું એ મેમ્બરશિપ કાર્ડ ઢઈઈ ૨૪ કલાક પાસે છે. જે નરેન્દ્ર મોદીએ આજથી ૪૨ વર્ષ પહેલાં ૧૨૫ રૂપિયા ભરીને લીધું હતું. પીએમ મોદી ૧૯૮૧માં અમદાવાદના કવિ નંદલાલ માર્ગ પર આવેલા એલાયન્સ ફ્રાન્સના સભ્ય બન્યા હતા. એ વખતે પીએમ મોદી ભાજપમાં જોડાયા નહોતા પરંતુ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં સક્રિય હતા અને ગુજરાતમાં આરએસએસની કામગીરી સંભાળતા હતા.

આ પહેલા પીએમ મોદીના સન્માનમાં એલિસી પેલેસમાં ખાનગી ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના સત્તાવાર નિવાસસ્થાન એલિસી પેલેસમાં હોસ્ટ કર્યા હતા. પીએમ મોદી ગુરુવારે બે દિવસની સત્તાવાર મુલાકાતે પેરિસ પહોંચ્યા હતા. એરપોર્ટ પર ફ્રાન્સના પીએમ એલિઝાબેથ બોર્ન દ્વારા પીએમ મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદના જેસાવાડા-બાવકા વચ્ચેના બ્રિજનું કામ છેલ્લા બે વર્ષથી ખોરંભે : ગ્રામજનોમાં ભારે રોષ

દાહોદ,

દાહોદ જીલ્લાના જેસાવાડા–બાવકા વચ્ચે બ્રીજનું કામ અધુરૂ જોવા મળી રહ્યું છે. ત્યારે આ બ્રીજનું કામ ખોરંભે પડતા હાલ ચોમાસાની ઋતુમાં આ પુલની જગ્યાની વચ્ચેથી નાળુ પસાર થાય છે. આ નાળુ હાલ ચોમાસાની ઋતુમાં પાણીનો સ્ત્રોત પસાર થતાં આસપાસના ગામના લોકોને અવર જવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે બીજી તરફ સ્થાનીકો દ્વારા સરકાર, જીલ્લાના રાજકીય પક્ષો તેમજ આર એન્ડ બી પર ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને ભ્રષ્ટ્રાચારની આડમાં આ બ્રીજનું કામ કાજ છેલ્લા બે વર્ષથી બંધ હોવાના સ્થાનીકો દ્વારા આક્ષેપો કરવામાં આવ્યાં હતાં.

જેસાવાડા–બાવકા વચ્ચે બે વર્ષ પુર્વે આ માર્ગ પરથી બ્રિજના નિર્માણ માટેનું કામ શરૂ કર્યુ હતું. ત્યારે સ્થાનીકોના જણાવ્યાં અનુસાર, બે વર્ષથી આ બ્રિજનું કામ ખોરંભે પડેલ છે. આર એન્ડ બી વિભાગના કોઈપણ અધિકારીઓ આ બ્રિજ મામલે કોઈ કામગીરી હાથ ધરી નથી. આર એન્ડ બી વિભાગના અધિકારીઓ પણ આ મામલે કંઈ સાંભળવા તૈયાર નથી. હાલમાં ભારતીય જનતા પાર્ટી જેવા સત્તાધારી પક્ષ અને કોંગ્રેસ જેવા રાજકીય પક્ષોની મીલીભગતના કારણે આ બ્રિજનું કામ અટકી પડેલ છે. આ બ્રિજના આસપાસના ગામના લોકોને તેમજ વિદ્યાર્થીઓને શાળા, કોલેજ સહિત શૈક્ષણિક ક્ષેત્રે આવવા જવા માટે



હાલ ચોમાસાની ઋતુમાં આ બ્રિજની વચ્ચે પાણીના પ્રવાહ વચ્ચેથી અવર જવર કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. માતવા, બાવકા, જેસાવાડા જવા આવવા માટે ગ્રામજનો ભારે હેરાન પરેશાન થઈ રહ્યાં છે. ખાસ કરીને બાળકોનું ભણાતર બગડવાને કારણે ભવિષ્ય અંધકારમાં ધકેલી જઈ રહ્યું છે. આ બ્રિજનું કામકાજ શરૂ થાય તે માટે સ્થાનીકો દ્વારા અવાર નવાર પંચાયત વિભાગ,

## જેસાવાડા-બાવકા વચ્ચે વરસાદી માહૌલ વચ્ચે નાળુ તુટી જતાં આસપાસના ગ્રામજનોને અવર જવરમાં ભારે હાલાકી

આર એન્ડ બી વિભાગને વારંવાર અનેક રજુઆત કરવા છતાંય કોઈપણ અધિકારીઓ આ મામલે ધ્યાન આપતાં ન હોવાના ગ્રામજનો દ્વારા આક્ષેપો કરી રહ્યાં છે. આ વિસ્તારનું નાળુ વરસાદી પાણીને કારણે નાળુ તુટી જતાં આર એન્ડ બી વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ માત્ર નાળા પર માટી નાંખી જતા રહે છે. સમગ્ર મામલે આ બ્રિજનું કામ પુનઃ શરૂ કરવામાં આવે અને નાળાનું કામ પણ શરૂ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી આ વિસ્તારના લોકોમાં ઉઠવા પામી છે.

આ મામલે આ વિસ્તારના સ્થાનીક લોકો દ્વારા મને ટેલીફોનીક કરી આ સમસ્યા મામલે જાણકારી આપી હતી અને અમે આ વિસ્તારના લોકોની અને બ્રિજ અને નાળાની મુલાકાતે પહોંચી ગયાં હતાં. છેલ્લા પાંચ દિવસથી નાળુ તુટી ગયેલ છે. છેલ્લા બે વર્ષથી આ જેસાવાડા-બાવકાના બ્રિજના કામમાં ભાજપની સરકારે મોટો ભ્રષ્ટ્રાચાર આચરેલ છે. ગામ લોકોનું એવુ કહેવું છે કે, જ્યારે નેતાઓ આવે છે. ત્યારે તાત્કાલિક ધોરણે રોડ બનાવી દેવામાં આવે છે. ત્યારે આ વિસ્તારના લોકો, વિદ્યાર્થીઓ વિગેરે માટે કોઈ પ્રકારની સુવિધા કરવામાં આવી નથી. તાત્કાલિક ધોરણે નાળા અને બ્રિજને બનાવવામાં આવે તેવી અમે સરકાર સમક્ષ માંગણી કરીએ છીએ.

**ભારતીય ટ્રાઈબલ પાર્ટીના પ્રમુખ**

# ગામડાઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટીબદ્ધ-મંત્રી બચુભાઈ ખાબડ

દાહોદ,

ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકામાં હડફ નદી ઉપર મેજર બ્રીજ તથા દુધીયા–પીપળી–બાંડીબાર એપ્રોચ બ્રીજનું ખાતમુર્હત તેમજ લાડપુર સુથાર કુમાર વર્ગ પ્રાથમિક શાળા ખાતે રૂા.૨૪ લાખના ખર્ચે નવીન નિમાર્ણ થયેલ ત્રણ ઓરડાઓનું લોકાર્પણ કૃષિ અને પંચાયત મંત્રી બચુભાઇ ખાબડે કર્યું હતું.

આ અવસરે મંત્રી બચુભાઇ ખાબડે જણાવ્યું હતું કે વર્તમાન સરકાર ગામડાઓના સર્વાંગી વિકાસ માટે કટીબદ્ધ છે. ગ્રામ્ય વિસ્તારમાં વિકાસની ખૂટતી કડી પુર્ણ કરવા માટે રાજ્ય સરકાર હરહંમેશા તત્પર છે એટલુ જ નહી ગામડાઓમાં વિવિધ સુવિધાઓ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

મળી રહે તે માટે આગોતરૂ આયોજન કરવામાં આવે છે. જેના લીધે આજે લોકાંક્ષાઓ પરી પુર્ણ કરવામાં આવી રહી છે. જેના ફળદાયી પરીણામો મળી રહ્યા છે. ઉપરાંત લીમખેડા તાલુકના હડફ નદી ઉપર રૂા. ૬ કરોડના ખર્ચે એપ્રોચ બ્રીજ નિર્માણ પામશે જેનાથી ગ્રામજનોની અવર–જવરની સમસ્યાઓ હલ થશે. વધુમાં લાડપુર પ્રાથમિક શાળા ખાતે ત્રણ ઓરડાઓની સુવિધા ઉપલબદ્ધ થતાં બાળકોને સારી રીતે શિક્ષણની સુવિધા મળી રહેશે.

સાંસદ જશવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે ગામડાઓની સુખ સુવિધા માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર કટીબદ્ધ છે. ત્યારે લીમખેડા તાલુકાના હડફ નદી ઉપર રૂા.૬ કરોડના ખર્ચે એપ્રોચ બ્રીજ તૈયાર થયેથી તાલુકાના દુધીયા,પીપળી, જેતપુર (દુ), મોટી બાંડીબાર, નાની બાંડીબાર તેમજ આજુબાજુના વિસ્તારના લોકોને વધુ સારી માળખાકીય સુવિધાઓનો કાયમી લાભ મળી રહેશે.

પ્રાસંગિક પ્રવચન જીલ્લા પંચાયત પ્રમુખ શિતલબેન વાઘેલા એ કર્યું હતું. આ કાર્યક્રમમાં જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ અને જીલ્લા અને તાલુકા પંચાયતના સભ્યઓ, સરપંચ સહિત માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ અધિકારીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતના અલગ-અલગ બનાવોમાં બે વ્યકિતના મોત

દાહોદ,

ચાલકની ગફલતને અને વાહનની ક્ષમતા કરતા વધુ પડતી ઝડપને કારણે દાહોદ જીલ્લામાં જુદી જુદી જગ્યાએ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતના બે બનાવમાં બે જણા સ્થળ પર જ કારવો કોળીયો બન્યાનું તેમજ બે જણાને ગંભીર ઈજાઓ થતાં બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકના સરકારી દવાખાને ખસેડવામાં આવનું જાણવા મળ્યું છે.

દાહોદ જીલ્લામાં ગતરોજ જુદી જુદી જગ્યાએ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતના બે બનાવો પૈકીનો એક બનાવ દાહોદથી ઈન્દોર હાઈવે રોડ પર પુંસરી ગામે રાતે સાડા અગ્યાર વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં એક ટેમ્પો ચાલક તેના કબજાનો ટાટા કંપનીનો જીજે–૦૨–૦૧૨૯ નંબરનો ટેમ્પો પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી સામેથી આવતી ડુંગરા ગામના ઉસરા ફળિયામાં રહેતા ૨૩ વર્ષીય નિતીનભાઈ મુકેશભાઈ ડામોરની મોટર સાયકલને જોશભેર ટક્કર મારી પોતાના કબજાનો ટાટા કંપનીનો ટેપો સ્થળ પર મૂકી નાસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ ચાલક નિતીનભાઈ મુકેશભાઈ ડામોરને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું. આ સંબંધે મરણજનાર ડુંગરા ગામના નિતીનભાઈ ડામોરના પિતા મુકેશભાઈ સીંગાભાઈ ડામોરે નોંધાવેલી ફરિયાદને આધારે ટાટા કંપનીના ટેમ્પોના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે જીલ્લામાં ગમખ્વાર અકસ્માતનો બીજો બનાવ ફતેપુરા તાલુકાના કુમાના મુવાડા ગામે રોડ પર સવારના સાડા દશ વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં એક અજાણ્યા વાહન ચાલકે તેના કબજાની કુઝર ગાડી ફતેપુરાથી બલૈયા તરફ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈઆવી કુમાના મુવાડા ગામે રોડ પર આગળ જતી ફતેપુરાના શરણૈયા ગામના પંચોર ફળિયામાં રહેતા અરવીંદભાઈ ફુલજીભાઈ ડામોર, ૪૪ વર્ષીય શૈલેષભાઈ રમમભાઈ તાવીયાડ તથા ૪૨ વર્ષીય દિનેશભાઈ ફુલજીભાઈ ડામોર મોટર સાયકલ પરથી ફંગોળાઈને રોડ પર પટકાયેલા શૈલેષભાઈ રમમભાઈ તાવીયાડ રહે નાની નાદુકણને માથામાં ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજયું હતું. જ્યારે અરવીંદભાઈ ફુલજીભાઈ ડામોરને શરીરે, માથાના ભાગે, જમણા હાથે કોણી પર, ડાબા પગે ઘુંટણે, કમ્મરે, ખભાના ભાગે, નાની મોટી ઈજાઓ થવા પામી હતી. જ્યારે દિનેશભાઈ ફુલજીભાઈ ડામોરને ડાબા હાથે કોણી પર ઈજાઓ થવા પામી હતી.

ઘટનાની જાણ થતાં જ ફતેપુરા પોલીસ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્ત અરવીંદભાઈ ફુલજીભાઈ ડામોર તથા દિનેશભાઈ ફુલજીભાઈ ડામોરને સારવાર માટે નજીકના સરકારી દવાખાને ખસેડી મરણજનાર નાની નાદુકણ ગામના શૈલેષભાઈ રમણભાઈ તાવીયાડની લાશનું પંચો રૂબરૂ પંચનામુ કરી લાશને પોસ્ટમોર્ટમ માટે ફતેપુરા સરકારી દવાખાને મોકલી આપી ફતેપુરા પોલીસે આ સંદર્ભે અજાણ્યા કુઝર ગાડીના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સંજેલીના ઈટાડી, ભામણ, ગસલી સહિતના મુખ્યમાર્ગ પરનો રસ્તો તોડી પડાયો : વાહન ચાલકોને હાલાકી

દાહોદ,

સંજેલી તાલુકાના ઝાલોદ તરફ જવાના મુખ્ય માર્ગ પર તળાવ રિચાર્જ માટે મુખ્ય માર્ગ તોડી અને પાઈપ લાઈન પસાર કર્યા બાદ કોન્ટ્રાક્ટર દ્વારા મુખ્ય માર્ગ રીપેરીંગ ન કરાતા ઢીંચણ સમા ખાડા પડી જતા વાહન ચાલકોને ભારે હાલાકી વેઠવાનો વારો તેમજ અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે. માર્ગ વહેલી તકે રીપેરીંગ કરવા માંગ ઉઠવા પામી સંજેલી તાલુકામાંથી સિંગવડ લીમખેડા તરફ અને સંજેલી તાલુકાના આવેલા તળાવમાં સિંચાઇ યોજના કેઠળ પાણી આપવાની કામગીરી કોન્ટ્રાક્ટર દ્વારા હાથ ધરવામાં આવી હતી. જેમાં ભામણ કુંડા ઇટાડી રંગલી ઘાટ્ટી ગસલી કૌચર સહિત માર્ગને તોડી પાડી અને પાઇપ લાઇન પસાર કરવામાં આવી હતી. જે બાદની બેદરકારી અને તંત્રની રહેમ નજર છેઠળ આજ દિન સુધી રસ્તાની મુખ્ય માર્ગને રીપેર કરવામાં આવ્યો નથી. જેના કારણે માર્ગ પર ઢંચણ સમા ખાડા પડી જતા વાહનને ચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

તેમજ કોઈ પામી છે. મોટી જાનહાનિકે અકસ્માત સર્જાય તેવી ભીતી પણ સેવાઈ રહી છે. આવા લેભાગુ કોન્ટ્રાક્ટર દ્વારા મુખ્ય માર્ગ તોડી પાડ્યા બાદ કામગીરી ન કરાતા તંત્ર દ્વારા આવા કોન્ટ્રાક્ટર સામે યોગ્ય પગલા લેવામાં આવે તેમજ તાત્કાલિક આ રસ્તાની રીપેરીંગ કરવામાં આવે તેવી લોકોની ઉઠવા પામી છે.

# દાહોદના રેલવે રોલીગ સ્ટોક કારખાનામાં રેલવે કર્મી પર કપિરાજનો હુમલો

દાહોદ,

દાહોદના પરેલ વિસ્તારમાં આવેલા રોલિંગ કારખાનામાં તોફાની કપીરાજે કામ કરી રહેલા રેલવે કર્મચારી ઉપર હુમલો કરતા રેલ ગરમી ઈજાગ્રસ્ત થયો હતો. જે બાદ આ ઈજાગ્રસ્ત રેલ કર્મીને એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ શહેરના પરેલ સાત રસ્તા વિસ્તારમાં આવેલા રેલવે રોલીંગ સ્ટોક વર્કશોપમાં મિલ રાઈટ કર્મચારી ફિટર રામબરન લુહાર આજરોજ તેની ખાતાની મશીન નંબર D-123 પરનું કામ કરી રહ્યો હતો। તે સમયે પાછળથી ઓચિંતા આવેલા તોફાની કપીરાજે પાછળથી રેલકર્મી ઉપર હુમલો કરી તેના પગ ઉપર બચકા ભરતા આ રેલકર્મી રામબરન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. તે સમયે આસપાસના રેલ કર્મીઓ દોડી આવતા આ કપિરાજ ભાગી ચૂક્યો હતો. ત્યારબાદ રેલ કર્મીઓએ લોહી લુહાણ અવસ્થામાં રામબરનને એમ્બ્યુલન્સ મારફતે નજીકના હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખની છે કે, આ ઉપરાંત પરેલ વિસ્તારમાં રખડતા કૂતરાઓનું આતંક પણ ખૂબ જ મોટા પ્રમાણમાં વધી જવા પામ્યો છે. પરેલ વિસ્તારમાં સમૂહમાં રખડતા કૂતરાઓ જાહેર રસ્તાઓ પરથી પસાર થતા વાહનચાલકો તેમજ રાહદારીઓની પાછળ દોડે છે. જેના પગલે કેટલીય વખત વાહન ચાલકો પણ ઈજાગ્રસ્ત થવા પામ્યા છે. તો આ વિસ્તારમાં રખડતા કૂતરાઓના બચકા ભરવાના બનાવો પણ ખૂબ જ મોટા પ્રમાણમાં વધવા પામ્યા છે. આ મામલે સંબંધીત વિભાગ દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉઠવા પામી છે.

# રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદ દ્વારા પર્યાવરણ ને બચાવવાં નીકળેલ સાયકલ સવારનું દાહોદ ખાતે સ્વાગત કરાયું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગ્રેટર નોઈડા થી ૧૮ મી ફેબ્રુઆરી–૨૩એ સાયકલ પર ૧૨,૦૦૦ કી.મી. પર્યાવરણને બચાવવા નીકળેલ રૂપેશકુમાર રાય ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર થઈને તમિલનાડુમાં પૂર્ણાહુતિ કરશે. ગ્રામપંચાયતોમાં પીપળા અને વડ જેવા માનવ જાતને કપરા સમયમાં ઉપયોગી વૃક્ષો વાવીને લોકોનું જીવન બચાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ગ્રામ પંચાયતોમા કુદરતના રખેવાળ તરીકે નિયુક્ત કરી, ઉગાડેલ વૃક્ષોની જાળવણી કરાશે. જે વૃક્ષોની ત્રણ વર્ષ સુધી જાળવણી કરશે, તેઓને રોજગારીની તક પૂરી પાડવાનું પણ જણાવ્યું હતું. સાયકલ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ પર્યાવરણની જાળવણી કરવા જાગરૂકતા ઊભી કરવાનો પ્રયાસ છે.

પર્યાવરણ બચાવવા સાયકલ પર નીકળેલ યાત્રી રૂપેશકુમાર રાયને રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદના પ્રમુખ હીરાલાલ સોલંકીએ પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરી અને યાત્રા સફળ રહે તે માટે શુભ કામનાઓ પાઠવી હતી.

સાયકલ યાત્રાના યાત્રી રૂપેશકુમારનું સ્વાગત અને ઉત્સાહ વધારવા રતનસિંહ બામણિયા, મથુરભાઈ રાઠોડ, દિનેશભાઈ, રામસિંહ પટેલીયા, પ્રદીપ રાઠોડ, નિલેશભાઈ નાયટા સેવાજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઝાલોદ મણિલાલ ચુનીલાલ પ્રા.શાળાના વિદ્યાર્થીઓએ ચંદ્રયાન-૩નું ઉડ્ડુયન નિહાળ્યું



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

વિશ્વભરમાં જે ચંદ્રયાન–૩ ના ઉડ્ડુયનની રાહ જોવાતી હતી. તે ઈસરો દ્વારા આંધ્રપ્રદેશના સતીષ ધવન સ્પેસ સેન્ટર શ્રીહરીકોટા મુકામે થી બપોરે ૨:૩૫ વાગે ઉડ્ડુયન કરાવવામાં આવ્યું. આ ચંદ્રયાન–૩ નો ઉદ્દેશ ભારતીય અંતરીક્ષ દ્વારા ચંદ્ર પર ખોજ કરવા માટે કરવામાં આવેલ છે. આ ચંદ્રયાન–૩ ભારતીય બનાવટનો ભારતીય અંતરીક્ષ છે.

ઝાલોદ કેળવણી મંડળ ઝાલોદ સંચાલિત મણિલાલ ચુનીલાલ કોઠારી પ્રાથમિક શાળા ઝાલોદમાં ચન્દ્રયાન–૩ શ્રીમતી વસુંધરાબેન પટેલના નેતૃત્વમાં બાળકોએ નિહાળ્યો હતો. શાળાના બાળકોમાં રાષ્ટ્રપ્રેમ વધે તથા બાળકોમાં વિજ્ઞાનનું મહત્વ સમજાય તથા દેશ અને દુનિયામાં ભારતની શું મહત્વની ભૂમિકા છે, એ હેતુ થઈ સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આજના બાળકો આવતી કાલના ભવિષ્ય હોવાથી તેઓને દેશના નવીન સાહશિક સંશોધન બતાવવામાં આવે તો તેઓને પણ આવનાર દિવસોમાં આવા સાહસિક કાર્ય કરવાની પ્રેરણા મળે તે માટે શિક્ષકગણ દ્વારા આ આયોજન કરવામાં આવ્યું હતું. ચંદ્રયાન–૩ને ઉડતા જોતા દેખતાં દરેક બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. બાળકોના ચહેરા પર આ કાર્યક્રમ જોવાનો આનંદ જોવા મળતો હતો. તેમજ પ્રાથમીક શાળાના શિક્ષકો દ્વારા આ અંગે બાળકોને સંપૂર્ણ માહિતી પણ આપી હતી.

# દાહોદ જીલ્લામાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં પૂર્ણ

દાહોદ,

દાહોદ જીલ્લામાં આજરોજ યોજાયેલી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની એક વિષયની પૂરક પરીક્ષાઓ જેમાં દાહોદ જીલ્લાના જુદા જુદા સેન્ટરો ઉપર અડી હજાર કરતાં વધુ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી અને આ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી

દાહોદ જીલ્લામાં આ વર્ષે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના નિરાશા જનક પરિણામ આવ્યા છે. એમાં ગુજરાતમાં સૌથી છેલ્લે દાહોદ નો નંબર આવ્યો છે. એના પગલે કેટલાક વિદ્યાર્થીઓ નાપાસ પણ થયા છે, તો ગત વર્ષે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષાઓ આજરોજ યોજવામાં



આવી હતી અને વહીવટી તંત્ર દ્વારા સામાન્ય પ્રવાહની આ પૂરક પરીક્ષાઓમાં શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષાઓ સંપન્ન થાય તે માટે ૧૦ જેટલી બિલ્ડીંગો ઉપર આ પરીક્ષાઓ યોજવામાં આવી હતી. જેમાં ગુજરાતી વિષયમાં ૧૪૭ વિદ્યાર્થીઓ, અંગ્રેજી વિષયમાં ૮૧૯ વિદ્યાર્થીઓ, હિન્દીમાં ૧૫ વિદ્યાર્થીઓ, અર્થશાસ્ત્રમાં ૨૨૬ વિદ્યાર્થીઓ, રાજ્યશાસ્ત્રમાં ૪ વિદ્યાર્થીઓ, ઈતિહાસમાં ૪૩ વિદ્યાર્થીઓ, વાણિજ્ય વ્યવસ્થામાં ૨ વિદ્યાર્થીઓ, સામાજીક વિજ્ઞાન વિષયમાં ૨ વિદ્યાર્થીઓ, આંકડાશાસ્ત્રમાં નવી કૃષિ વિદ્યામાં ૧ વિદ્યાર્થી, સંસ્કૃતમાં ૧૫૮ વિદ્યાર્થીઓ, તત્વજ્ઞાનમાં ૭૧૩ વિદ્યાર્થીઓ, ચિત્રકામમાં ૨ વિદ્યાર્થીઓ, સમાજશાસ્ત્રમાં ૬૩ વિદ્યાર્થીઓ, મનોવિજ્ઞાનમાં ૧૦૩ વિદ્યાર્થીઓ, ભૂગોળમાં ૧૭૭ વિદ્યાર્થીઓ, નામાના મૂળતત્વોમાં ૧૩ વિદ્યાર્થીઓ, કોમ્પ્યુટરમાં ૪ વિદ્યાર્થીઓ, એસપીમાં ૨ મળી કુલ ૨,૫૧૯ વિદ્યાર્થીઓએ આજે એક વિષયની પૂરક પરીક્ષાઓ આપી હતી અને આ પરીક્ષાઓ શાંતિપૂર્ણ માહોલમાં તારીખ ૧૩ મી જુલાઈના રોજ દાહોદ શહેરની દસ બિલ્ડીંગો ઉપર પોલીસના પૂરતા બંદોબસ્ત સાથે સંપન્ન થવા પામી હતી.

# ઝાલોદના ધારાસભ્ય મહેશભૂરિયા દ્વારા અલગ અલગ પ્રાથમીક શાળાઓના ૨૨ ઓરડાનું ૧.૭૬ કરોડના કામનું ખાતમુહૂર્ત કર્યું

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના લોકપ્રિય ધારાસભ્ય મહેશ ભૂરિયા સદા પ્રજા અને ગ્રામજનોને પડતી તકલીફને વાંચા આપી પ્રજાને પડખે ઉભા રહે છે. સતત નવા ક્યા કામો કરવા તેમજ તાલુકામાં ક્યા ક્યા કામ બાકી છે, તે પુરા કરવા માટે ધારાસભ્ય મહેશ ભૂરિયા સદા પ્રયત્નશીલ રહેતા હોય છે. તારીખ ૧૩–૦૭–૨૦૨૩ ગુરૂવારના રોજ ધારાસભ્ય મહેશ ભૂરિયા દ્વારા ઝાલોદ



તાલુકાના છાંસીયા ગામે પ્રા. શાળાના સાત ઓરડા માટે ૫૬ લાખ, શંકરપુરા ગામે પ્રા. શાળાના પાંચ ઓરડા માટે ૪૦ લાખ, ફૂલપુરા ગામે પ્રા. શાળાના ચાર ઓરડા માટે ૩૨ લાખ, ફૂણી ગામે પ્રા. શાળાના છ ઓરડાના કામ માટે ૪૮ લાખના કામનું ખાતમુહૂર્ત કર્યું હતું તેમજ છાંસીયા ગામે નવીન પંચાયત ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આમ, ધારાસભ્ય મહેશ ભૂરિયા દ્વારા વિવિધ પ્રા.શાળાના ૨૨ ઓરડા માટે ૧.૭૬ કરોડના કામનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે દરેક ગામોના સરપંચો, પ્રાથમિક શાળાનો સ્ટાફ, ભાજપના કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.277

## ધીરે-ધીરે યાત્રાધામ પાવાગઢનો કાયાકલ્પ હાથ ધરાઈ રહ્યો છે

# હવે રોડ ઉપરના દબાણો દુર કરવાની કવાયત : તંત્રની ટીમની વેપારીઓને સુચના









- પાવાગઢ રોડ સ્થિત ૪૦ વર્ષ ઉપરાંતથી આવેલા દબાણરૂપ દુકાનો સ્વયંભૂ હટાવી લેવા સૂચના અપાઈ.
- અન્યથા સોમવારથી તંત્ર સ્વયં દબાણ હટાવ અભિયાન હાથ ધરશે તેવી ચિમકી ઉચ્ચારાઈ.
- પાવાગઢની સૂરત બદલાઈને વિકાસમાં નવું એક છોગું ઉમેરવાનું તંત્રનું વધુ એક આવકારદાયક પગલું.

ગોધરા,

ધીરેધીરે યાત્રાધામ પાવાગઢનો કાયાકલ્પ હાથ ધરાઈ રહ્યો છે. જેમાં મંદિરની સુવિધા સજ્જ સાથે વધુ ૨૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવ્યા બાદ દર શનિ–રવિવારે ખાનગી વાહનો ઉપર પ્રતિબંધ ફરમાવીને ટ્રાફિક સમસ્યા હલ કરવાની વધુ એક પ્રયાસના ભાગરૂપ તંત્ર દ્વારા પાવાગઢ રોડ સ્થિત ૪૦ વર્ષ ઉપરાંતથી આવેલા દબાણરૂપ દુકાનો સ્વયંભૂ હટાવી લેવા સૂચના અપાઈ છે. અન્યથા સોમવારથી તંત્ર સ્વયં દબાણ હટાવ અભિયાન હાથ ધરશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે. દબાણ હટાવવાની કવાયતના કારણે આગામી સમયમાં માર્ગો પરના દબાણો દુર થઈને ટ્રાફિક સમસ્યા હળવી થવાની સંભાવનાઓ વચ્ચે પાવાગઢની સૂરત બદલાઈને વિકાસમાં નવું એક છોગું ઉમેરવાના તંત્રનું વધુ એક આવકારદાયક પગલાંના સમાચારથી યાત્રાળુઓમાં આનંદની લાગણી વ્યાપી છે.

ધીરેધીરે વહિવટી તંત્ર અને સરકાર દ્વારા પંચમહાલના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢનો વિકાસલક્ષી ધ્યાન કેન્દ્રીત કરીને અનેક પ્રોજેક્ટ અને સુવિધાઓ ઉભી કરવાનો આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે. પાવાગઢ ખાતે રોજીંદા મોટી સંખ્યામાં દર્શનાર્થે ભકતો આવે છે. ત્યારે ગત વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પાવાગઢ મંદિરે ૫૦૦ વર્ષ બાદ ઐતિહાસીક ધ્વજારોહણ કરવામાં આવવાની સાથે મંદિર પરિસરમાં સુવિધા સજ્જ કાયાકલ્પ કરવામાં આવી છે. પરિણામે ગત વર્ષોની સરખામણીમાં ધીરેધીરે ભકતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. સાથે સાથે આગામી સમયમાં પણ માંચી અને પાવાગઢ ખાતે આશરે ૨૫૦ કરોડના ગ્રાન્ટ ફાળવવામાં આવીને વિવિધ સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે ગુજરાત સહિત પડોશી જીલ્લામાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ વાહનો મારફતે આવતા હોવાના કારણે દિનપ્રતિદિન ટ્રાફિક જામ રહેવાની સાથે માંચી જેવા સાંકળા વિસ્તારમાં પાર્કિંગ કરવું મુશ્કેલરૂપ બનતું હતું અને આડેધડ વાહન પાર્કિંગ ચાર્જ આધેડક વસુલવામાં આવતો હતો અને આવી હાડમારીજનક પરિસ્થિતીમાં દર શનિ–રવિવારે ખાનગી વાહનોની ભરમાર થતાં તંત્ર માટે પણ સંચાલન કરવું વિકટ બનતું જતું હતું. જેના ભાગરૂપ કલેકટર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરીને ખાનગી વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ મુકીને સરકારી એસ.ટી.બસોનું વધુ ટ્રીપ દોડાવાતા ગત પ્રથમ અઠવાડિયે જ તંત્રને અધધ કહી શકાય તેવી ૧૦ લાખ જેટલી આવક માત્ર એસ.ટી.તંત્રને થઈ હતી. આ પ્રમાણે ધીરેધીરે નવા નવા આયોજન હાથ ધરવામાં આવી રહ્યા છે. હાલોલ, જાંબુઘોડા હાઈવે માર્ગ સ્થિત પાવાગઢના કારણે રાત–દિવસ મોટી સંખ્યામાં વાહનોની અવરજવર રહે છે. સતત અવરજવરના કારણે ખાસ કરીને પાવાગઢમાં મોટા વાહન અને લકઝરી બસોને પાર્ક કરવી એક માથાના દુઃખાવારૂપ છે. ખાસ કરીને પાવાગઢ માર્ગની બન્ને તરફ પાર્કિંગના પ્રશ્ને જાહેર માર્ગો પર જ આડેધડ પાર્કિંગ કરવામાં આવતાં કલાકો સુધી પાર્કિંગ જામના દ્રશ્યો સર્જાઈને સંચાલકોને અવરજવર મુશ્કેલરૂપ બન્યું હતું અને આ માર્ગો ઉપર છેલ્લા ૪૦ ઉપરાંત વર્ષથી રોડની બન્ને બાજુ નાની–મોટી દુકાનો એ પાકું બાંધકામ કરીને છેક રોડ સુધી દબાણ આચરવામાં આવતાં રસ્તો સાંકળો બની જવાની સાથે આડેધડ ખાનગી વાહનો પાર્કિંગ થવાના લીધે ટ્રાફિક સમસ્યાની હલ કરવું ખુબજ કઠિન બનેલ હતું. ત્યારે વહિવટી તંત્ર દ્વારા પણ ટ્રાફિક સમસ્યાના હલ માટે રોડ પરના દબાણો દુર કરવાનું બીડું ઝડપવામાં આવ્યું છે. આજે પાવાગઢ ખાતે દબાણ હટાવવાની કવાયતના ભાગરૂપ મામલતદાર, માર્ગ અને મકાન, પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓની ટીમ પહોંચી હતી અને ટ્રાફિક નિવારણ માટેની ચર્ચા વિચારણા બાદ લેવાયેલા નિર્ણય અનુસાર એક પછી એક આવેલી દુકાનો ઉપર જઈને સોમવાર સુધીમાં હંગામી દબાણ એટલે કે શેડ, બાંધકામ સ્વયંભૂ હટાવી લેવાની મૌખિક સૂચના આપવામાં આવી હતી. એટલું જ નહિ વહિવટી તંત્રએ વેપારીઓને ચિમકી ઉચ્ચારતા જણાવ્યું હતું કે, જો સોમવાર સુધી સ્વયંભૂ હટાવી નહીં લેવામાં આવે તો તંત્ર દ્વારા અભિયાન હાથ ધરીને દબાણો દુર કરશે. આમ, એક પછી એક સુવિધા ઉપલબ્ધ કરાવવાના ભાગરૂપ દબાણ હટાવીને માર્ગની બન્ને બાજુ જગ્યા ખુલ્લી કરવાની સુવિધા પ્રાપ્ત થશે જેના કારણે હાઈવે પર થતી ટ્રાફિકની સમસ્યા હલ થવાની સાથે નાના–મોટા વાહનો આસાનીથી અવરજવર થઈ શકશે. વહિવટી તંત્ર દ્વારા ટ્રાફિક નિવારણ માટેના આ પગલાને આવકારીને માર્ગની રોનક બદલાઈ જશે તેવી યાત્રાળુઓ ગણતરી માંડી રહ્યા છે. જોકે, પહેલા ખાનગી જીપ સંચાલકોના પ્રતિબંધના કારણે રોજી રોટી છીણવાઈ ગઈ છે. ત્યારે હવે દુકાનો ધરાવતા વેપારીઓના વેપાર- ધંધા પડી ભાગવાની સંભાવનાઓથી ચિંતા વ્યકત કરી રહ્યા છે.

### ડુંગર ટ્રાફિક વિહોણો બનેલ જોવા મળતાં યાત્રાળુઓને શાંતિનો અહેસાસ

ગત અઠવાડિયે પાવાગઢ ખાતે વહિવટી તંત્ર દ્વારા ટ્રાફિક સમસ્યાના હલ કરવા માટે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેના ભાગરૂપ શનિવાર અને રવિવારના રોજ પાવાગઢ થી ૩ કિલો મીટર દુર એટલે ટીમ્બી થી પ્રાઈવેટ વાહનોને ડાયવર્ઝન આપીને છેક વડા તળાવ થી પાવાગઢમાં પ્રવેશ આપવામાં આવે છે. આ ડાયવર્ઝનના કારણે પાવાગઢ જતાં દરેક વાહનોને વધારાના ૮ થી ૧૦ કિલો મીટર ફેરો ખાવાનો વારો આવ્યો છે. પાવાગઢ તળેટી થી માંચી હવેલી સુધી માત્ર સરકારી એસ.ટી.બસ સંચાલન થયેલી જોવા મળે છે. અને શનિ-રવિ ડુંગર ટ્રાફિક વિહોણો બનેલ જોવા મળતાં યાત્રાળુઓને શાંતિનો અહેસાસ થતો જોવા મળે છે.

## શહેરા તાલુકાના બોરિયા ગામની ઉન્નતિ વિદ્યાલય ખાતે આરોગ્ય કેમ્પ યોજયો



શહેરા,

શહેરા તાલુકાના બોરિયા ગામમાં આવેલ ઉન્નતિ વિદ્યાલય ખાતે આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો હતો. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ચાલતી જનરલ આરોગ્ય ચકાસણી દરમિયાન કુલ ૫૧૫ બાળકોના આરોગ્યની ચકાસણી કરાતા ૦૮ બાળકોને સંભવિત આંખોના નંબર રીફ્રેક્ટિવ એરર જણાઈ આવતા તેઓના ચશ્મા માટે આગળની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

શહેરા તાલુકાના બોરિયા સ્થિત ઉન્નતિ વિદ્યાલય ખાતે તાલુકા આરોગ્ય અધિકારી ડો.ભરત ગઢવીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓના આરોગ્ય ચકાસણીનો કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગની આરબીએસકે ની ટીમ દ્વારા જનરલ આરોગ્ય ચકાસણી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની કરવામાં આવી હતી. શાળામાં અભ્યાસ કરતા કુલ ૫૧૫ બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવવા સાથે કમ્યુનિટી હેલ્થ સેન્ટર શહેરાના આંખના નિષ્ણાંત દ્વારા બાળકોના આંખોની તપાસ હાથ ધરતા ૦૮ બાળકોને સંભવિત આંખોના નંબર રીફ્રેક્ટિવ એરર જણાઈ આવતા તેઓના ચશ્મા માટે આગળની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જ્યારે શાળામાં અભ્યાસ કરતા એક બાળકને આંખોમાં મોતિયાની તકલીફ જણાતા તાજપુરા ખાતે આંખની હોસ્પિટલમાં ઓપરેશન માટે રીફર કરવામાં આવ્યું હતું તથા ૦૨ બાળકોને આંખોની વધારે તકલીફ જણાતા, વધુ સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા દર ત્રણ મહિને તાલુકામાં આવેલ શાળાઓમાં જનરલ આરોગ્ય ચકાસણીના કેમ્પ રાખવામાં આવવા જોઈએ જેથી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જો કોઈ શરીરમાં તકલીફ હોય તો સમયસર તેની સારવાર પણ થઈ શકે તેમ છે.

## ગોધરા રામેશ્વર સોસાયટીમાં પ્રાથમિક સુવિધાના અભાવને લઈ મહિલાઓ દ્વારા હલ્લાબોલ કરાયો





ગોધરા,

ગોધરા શહેર રામેશ્વર નગર સોસાયટીના રહિશો દ્વારા પ્રાથમિક સુવિધાઓના બનાવને લઈ પાલિકા કચેરી ખાતે પહોંચીને હલ્લાબોલ કરવામાં આવ્યો.

ગોધરા શહેર પાલિકા વિસ્તારમાં આવતાં રામેશ્વર નગર સોસાયટી તેમજ અન્ય સોસાયટીઓમાં સાફસફાઈના અભાવે ચોમાસની સીઝન વરસાદને લઈ વરસાદી પાણીનો નિકાલની વ્યવસ્થા નથી. જેને લીધે રોગચાળાનો ભય સતાવી રહ્યો છે. ભુર્ગભ ગટર લાઈન ઉભરાઈ રહી છે. આ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાના અભાવે અવારનવાર પાલિકામાં રજુઆત કરાઈ હોવા છતાં કાર્યવાહી કરતી ન હોય જેને લઈ મહિલાઓ એકઠી થઈને પાલિકા કચેરી ખાતે પહોંચીને હલ્લાબોલ કરી વિરોધ વ્યકત કર્યો હતો.

## ગોધરા તાલુકાના ગદુકપુરના ૨૮ વર્ષીય યુવાનને સારવાર માટે સિવિલમાં દાખલ કરતા સારવાર દરમિયાન મોત

ગોધરા,

ગોધરા તાલુકાના ગદુકપુર ગામના ૨૮ વર્ષીય યુવાન દવા સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવેલ જ્યાં ફરજ પરના મહિલા તબીબ દ્વારા મૃત જાહેર કરાયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ગદુકપુર ગામે રહેતા હિંમતભાઈ દિનેશભાઈ નાયક ઉ.વ.૨૮ને ૧૧ જુલાઈના રોજ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. રાત્રીના સમયે તબીયત બગડતા ઈમરજન્સી વોર્ડમાં લાવવામાં આવતાં હાજર મહિલા તબીબ દ્વારા તપાસ કરી મરણ ગયેલ જાહેર કરાયો હતો.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
મોહનીયા અભેસિંહ
વસાભાઈ
તરફથી અભીનંદન....
મુ. ઉંડાર,
તા. ધાનપુર,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
કાગદી બુરહાન
કલીમુદ્દીનભાઈ
તરફથી અભીનંદન....
મુ. ઝાબુ,
તા. ધાનપુર,
જી. દાહોદ

## ગોધરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા સર્વેક્ષણ હાથ ધરવામાં આવશે

ગોધરા તાલુકાના તમામ ગ્રામ પંચાયતોમાં સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૩ અંતર્ગત સ્વચ્છતા સર્વે હાથ ધરવામાં આવનાર છે, જીલ્લા વિકાસ અધિકારીશ્રી તથા નિયામક સાહેબશ્રી પંચમહાલ ગોધરાના માર્ગદર્શન હેઠળ તેમજ તાલુકા વિકાસ અધિકારીશ્રી ગોધરાના આગેવાની હેઠળ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી પંચમહાલ ગોધરાના સ્ટાફ તેમજ તાલુકા પંચાયત ગોધરા એસ.બી.એમ.જી. સ્ટાફ દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૩ના સર્વેની કામગીરી અંગે તમામ ગ્રામ પંચાયતોને આવરી લઈ સ્વચ્છતા તેમજ જનજાગૃતિ અંગે કામગીરી હાથ ધરવામાં આવેલ છે, સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) ફેઝ–૨ યોજના અંતર્ગત જુદા જુદા ગામોમાં સ્વચ્છતા સર્વેને ધ્યાને લઈ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે. તેમજ કેન્દ્ર સરકારની ટીમ દ્વારા ગ્રામ્ય વિસ્તારની આંગણવાડી/શાળાઓ/આરોગ્યકેન્દ્ર/ગ્રામપંચાયત કચેરીઓ/જાહેર સ્થળો/મંદિર/મસ્જીદ વગેરે સ્થળોની સફાઈ અંગેનુ સર્વે હાથ ધરવામાં આવશે. સંપૂર્ણ સ્વચ્છતા માટે આંદોલનમાં જોડાવા અને ગામોને ODF Plus Model ગામ તથા મોડેલ તાલુકા બનાવવા માટે સહયોગ આપવા અપીલ કરેલ છે.

## કાલોલ GIDCની એગ્રો કંપનીમાં ભીષણ આગ

કાલોલ,

કાલોલ જીઆઈડીસી સ્થિત કંપનીના એક શેડમાં અગમ્ય કારણોસર આગ લાગતા નજીકના ગામના રહિશોમાં ભયનો માહોલ સર્જાયો હતો. કાલોલ જીઆઈડીસી સ્થિત યુ.પી.એલ. એગ્રોકેમિકલ્સ નામની ખેતી વિષયક જંતુનાશક દવાઓ બનાવતી કંપનીના એક શેડમાં અગમ્ય કારણોસર આગ ફાટી નીકળી હતી. ધુમાડાના ગોટેગોટા સાથે આગની જવાળાઓ ઉંચે ઉઠતા જોતાજોતામાં સમગ્ર શેડમાં આગ પ્રસરી ગઈ હતી. માત્ર અડધા કલાકમાં શેડનો તમામ માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગની ઘટનાને લઈ કંપનીની બાજુમાં આવેલા નાનકડા કાકરના મુવાડા ગામના લોકો પણ જાગી ગયા હતા. તેમજ લોકો ઘટના સ્થળે દોડી ગયા હતા. આગને કારણે કેમિકલના ધુમાડાથી લોકોમાં ભય ફેલાયો હતો.જોકે કંપનીના પોતાના ફાયર ફાયટર્સ, ફાયર ઈક્વીમેન્ટ અને કાલોલ પાલિકાના ફાયર ફાયટર્સની મદદથી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવતા ગામલોકોએ રાહત અનુભવી હતી. સમગ્ર ઘટનાને લઈને કંપનીની નજીકમાં જ ગામના રહેણાંક મકાનો આવેલો હોય તેમની સુરક્ષા અને સલામતીને દયાને લઈ બનાવની તંત્ર દ્વારા ઉચ્ચસ્તરિય તપાસ કરવાની લોકો દ્વારા માંગ કરાઈ છે.

માર્ગ અને મકાન વિભાગ
જાહેર નિવિદા-એસકે/૦૩ સને : ૨૦૨૩-૨૪
ગુજરાત સરકાર

કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, રેડ ક્રોસ સોસાયટી પાછળ, ગોધરા–૩૮૯૦૦૧ ફોન નં. (૦૨૬૭૨) ૨૪૩૪૨૧ તરફથી અત્રેના વિભાગ હસ્તક નવીન કોમ્પ્યુટર, પ્રિન્ટરની ખરીદી માટે નોંધણી ધરાવતા વેપારીઓ પાસેથી સીલબંધ કવરમાં તા.૨૫.૭.૨૩ સુધીમાં આ કચેરીને રજી.પો.એ.ડી.થી ભાવપત્રક મળી જાય તે રીતે ભાવો માંગવામાં આવે છે. કોરા ભાવપત્રકો મેળવવા માટે સંસ્થા નોંધણી પ્રમાણપત્રની નકલ, પાન કાર્ડની નકલ, ટેન્ડર ફી રૂા.૬૦૦/– રોકડે તથા લેટરપેડ ઉપર અરજી કરવાથી તા.૨૦.૭.૨૩ સુધી મળી શકશે. ભાવપત્રકની સાથે કામગીરીને લગતી શરતો આપવામાં આવશે. જે ભાવપત્રક ભરનારને બંધનકર્તા રહેશે. ભાવપત્રક મંજુર કરવા યા ન કરવા જેની સઘળી સત્તા સક્ષમ અધિકારીશ્રીની મનસુફીને આધિન રહેશે. બાનાની રકમ વગરના અને શરતી ભાવપત્રક ગણત્રીમાં લેવામાં આવશે નહી.
માહિતી/ગોધરા/૩૧૮/૨૦૨૩